# 9 મારે પણ આવો ભાઈ હોય !

M2E2P6

**ગાઈએ ગીતિકા :**

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ ભય દારુણં
નવ કંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારુણં
કંદર્પ અગણિત અમિત છવિ નવનીલ-નીરદ-સુંદરં
પટ પીત માનહુ તડિત રુચિ શુચિ નૌમિ જનકસુતા વરં
ભજુ દીનબંધુ દિનેશ દાનવ દૈત્ય વંશ નિકંદનં
રઘુનંદ આનંદકંદ કૌશલચંદ દશરથ નંદનં.

– તુલસીદાસ

**તમારાં ભાઈબહેન કે મિત્રના તમને ગમતા ગુણ અને ટેવ અને એવા ગુણ કે જે તેમનામાં અત્યારે નથી પણ આવી જાય તો તમને સારું લાગે તે લખો.**

| ગમતાં ગુણ/લક્ષણ/ટેવ | તેણે શીખવા જેવી બાબતો |
|---|---|
| | |

**આ તમારા જેવડો છોકરો એની મમ્મીને શું કહે છે તે વાંચો.**

**લક્ષ્મણ જેવો ભાઈ**

બાપા મને મોકલી દે
રામ જેમ વને,
જાતાં મને બીક લાગે
એમ છે શું તને?

ચૌદ વરસ કેટલા દહાડા?
કહે તો જરા ઠીક,
ગમે તેટલા હોય ભલે
મને શાની બીક?

દિવસે તો સૌ જાય
અમે જાશું રાતે,
લક્ષ્મણ જેવો ભાઈ જો બા
હોય મારી સાથે.

નદી કાંઠે ઊભાં હશે
ઊંચાં ઊંચાં શર,
જંગલમાં ઝાડ નીચે
બાંધી લેશું ઘર.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નૌકા તો પડી હશે
કાંઠે સાવ ખાલી,
બેસી જરા જોર કર્યું
સડેડાટ ચાલી!

ત્યાં તો બા! મોટાં મોટાં
હરણનાં ટોળાં,
દેખતાને દોડી આવે
ઠેકી ઠેકી ભોળાં.

ખવરાવું લીલું લીલું
ઘાસ ધરી હાથે,
લક્ષ્મણ જેવો ભાઈ જો બા,
હોય મારી સાથે.

કેટકેટલાં ઝાડ ઊગે!
કેવાં કેવાં ફૂલ!
અમને જો તું જવા ન દે
તો એ તારી ભૂલ.

ભાતભાતનાં ફળો જ્યારે
નીચે પડે પાકી,
ટોપલીઓ ભરી ભરી
ઘરમાં દેશું રાખી.

ભૂખ લાગ્યે ખાશું અમે
બેસી પાસે પાસે,
લક્ષ્મણ જેવો ભાઈ જો બા,
હોય મારી સાથે.

તડકામાં ઝાડ નીચે
ઘાસ ઉપર જાશું,
મોટે મોટે બેઉ જણા,
લલકારી ગાશું.

ગોવાળાનાં છોકરાંને,
કહેશું, ''એલાં! આવો.''
સાથે બેસી વગાડીશું,
વાંસળી ને પાવો.

કોઈ દહાડો ઊંઘી જાશું
સૂરજ જાતાં માથે,
લક્ષ્મણ જેવો ભાઈ જો બા,
હોય મારી સાથે.

વનમાં તો દાદા જેવા
હશે ઋષિ-મુનિ,
રોજ રોજ સંભળાવે,
વારતાઓ જૂની.

શૂર્પણખા આવશે તો
એમાં એનો વાંક,
નાનો ભાઈ કાપી લેશે
કટ્ટ કરી નાક.

રાક્ષસોનો ભય નથી
સાથે હનુમંતા,
રાવણ મને કંઈ ન કરે
મારે ક્યાં છે સીતા?

રસોઈ તો બેઉ જણા
પકાવીશું હાથે,
લક્ષ્મણ જેવો ભાઈ જો બા,
હોય મારી સાથે.
બા મને શીખવી દે
રામ જેવો વેશ,
માથા પર બાંધી દે
રામ જેવા કેશ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાંસ લઈને કરી દેને
ધનુષ ને બાણ,
સૂતાં પહેલાં શીખવી દે
જાતરાનું ગાન.

ચિત્રકૂટે ઊપડીશ હું,
બાર વાગે રાતે,
લક્ષ્મણ જેવો ભાઈ જો બા,
હોય મારી સાથે.

બા, તું ત્યારે દેને મને
એક નાનો ભાઈ,
ચૌદ વરસ જંગલમાં
ખૂબ મજા થાય.

– પ્રેમશંકર ન. ભટ્ટ
(રવીન્દ્રનાથ ઠાકુરની 'વનવાસ' પર આધારિત)

- **વાતચીત :**
  - તમે રામલક્ષ્મણ વિશે શું જાણો છો? કહો.
  - તમારા પપ્પા, કાકા, ફોઈ વગેરે ભેગાં થાય ત્યારે શાના વિશે વાતો કરતાં હોય છે?
  - તમારા ભાઈ કે બહેન સાથે તમે શું શું રમો છો?
  - તમારા ભાઈ કે બહેન સાથે તમે ક્યાં ક્યાં જાઓ છો?
  - તમારા ભાઈ કે બહેન સાથે તમે કેવી વાતો કરો છો?
  - તમારા ભાઈ કે બહેન સાથે તમારે કઈ કઈ બાબતે ઝઘડો થાય છે?
  - તમારે જંગલમાં રહેવા જવાનું હોય તો તમે ત્યાં જઈ શું શું કરો?
  - તમે જંગલમાં જતી વખતે સાથે શું શું લઈ જશો?
  - તમને શું ગમે, નાનો ભાઈ કે નાની બહેન? કેમ?
  - એવાં કયાં કયાં કામ છે, જે કરવા માટે તમને તમારા ભાઈ કે બહેન સાથ આપે છે?

**બંને ભાઈઓ વિશેનાં સાચાં વિધાનોની સામે 'સીતા' અને ખોટાં વિધાનોની સામે 'શૂર્પણખા' લખો. જે વિધાનો ખોટાં હોય તેને ઉદાહરણ મુજબ સુધારો.**

**ઉદાહરણ :** [દિવસે] વનમાં જવા નીકળવું છે. શૂર્પણખા [રાત્રે]

1. જંગલમાં જઈને ઝાડ ઉપર ઘર બાંધશે.
2. કાંઠે પડેલી ખાલી નાવમાં બેસી જશે.
3. વનમાં સસલાંને લીલું ઘાસ ખવડાવશે.
4. ટોપલા ભરીને ફળો ઘરમાં મૂકી રાખશે, ને પછી ખાશે.
5. તડકામાં ઝાડ નીચે સૂઈ જશે.
6. ગોવાળનાં છોકરાં સાથે બેસી વાંસળી વગાડશે.
7. વનમાં તલવાર લઈને જશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઊભા થઈને સૂત્રોચ્ચાર કરતાં હો તેમ મોટેથી 'લક્ષ્મણ જેવો ભાઈ' ત્રણ વખત બોલીને બેસી જાઓ. શબ્દનો સાચો અર્થ ન લાગતો હોય તે વિકલ્પના પાછળના (   ) માં ✗ કરો.

1. દહાડા - દિવસો(   ) દિન(   ) મજૂરો(✗) અવાજો(✗)
2. નૌકા - નવું(   ) હોડી(   ) નાવ(   ) નકાર(   )
3. ભય - ભાઈ(   ) ખતરનાક(   ) બીક(   ) ડર(   )
5. સૂરજ માથે જવો - સવાર થવી(   ) બપોર થવી(   ) મધ્યાહ્ન થવો(   ) ગરમી લાગવી(   )
6. કેશ - વાળ(   ) મુકદ્દમો(   ) લટ(   ) કોર્ટ મેટર(   )

આપેલા શબ્દો જેવો અર્થ ધરાવતા શબ્દો કાવ્યમાંથી શોધો અને કાવ્યની એ પંક્તિની બાજુમાં લખો. (જોડીકાર્ય)

(ભય, ઘણી સંખ્યામાં, નિર્દોષ, આનંદ, કથા, જોતાંવેંત, મુસાફરી, એક ઝાટકે, હોડી, વૃક્ષ, દિવસ, એક પર્વત, ગીત, ખૂબ ઝડપથી, વાળ)

ઉદાહરણ :

બાપા મને મોકલી દે<br>
રામ જેમ વને,<br>
જાતાં મને <u>બીક</u> લાગે     <u>ભય</u><br>
એમ છે શું તને?

'લક્ષ્મણ જેવો ભાઈ' કવિતાના આધારે વાક્યો પૂરાં કરો. (જોડીકાર્ય)

1. બાપા મને ચૌદ વરસ જંગલમાં મોકલી દે તો પણ ____________
2. બધાં ભલે દિવસે જંગલમાં જાય પણ અમે તો ____________
3. ____________ લીલું લીલું ઘાસ ખવડાવીશું.
4. ____________ એ તારી ભૂલ ગણાશે.
5. જંગલમાં ભૂખ લાગે ત્યારે ____________
6. ____________ બેસી વાંસળી અને પાવો વગાડીશું.
7. ____________ વાર્તાઓ સાંભળીશું.

નીચેના શબ્દો જવાબ તરીકે આવે તેવા પ્રશ્નો કવિતાના આધારે બનાવો.

ગોવાળનાં બાળકો, લીલું ઘાસ, ધનુષબાણ, રાત્રે, નૌકા. ________

ઉદાહરણ 1. રામલક્ષ્મણ જંગલમાં કોની સાથે બેસીને પાવો વગાડશે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આ કવિતામાં એક બાળકની કલ્પના છે, રામાયણની વાર્તામાં ખરેખર જે થયું હતું તેની સામે ખરાની નિશાની કરો. આ માટે વડીલોની મદદ લો. (ઘરકામ)**

1. રામ અને લક્ષ્મણ રાત્રે વનમાં જવા નીકળ્યા.
2. રામ કોઈ દિવસ બપોરે ઊંઘતા નહોતા.
3. રામ, લક્ષ્મણ અને સીતાએ હોડીમાં બેસીને નદી પાર કરી.
4. રામલક્ષ્મણે જાતે હોડી ચલાવી.
5. વનવાસ દરમિયાન રામ, લક્ષ્મણ અને સીતા દરરોજ ગરમ ગરમ રસોઈ જમતાં હતાં.
6. રામલક્ષ્મણને જોઈને હરણ ઠેકડો મારીને ભાગી જતાં હતાં.
7. રામલક્ષ્મણ ઋષિમુનિઓને વાર્તાઓ સંભળાવતા હતા.
8. રામે શૂર્પણખાનું નાક કાપી નાખ્યું હતું.
9. રામ, લક્ષ્મણ અને સીતા ચિત્રકૂટ નામના પર્વત પર રહેતાં હતાં.
10. વનવાસમાં રામલક્ષ્મણ સાથે સીતા નહોતાં એટલે એમને ચિંતા નહોતી.

- **ગીતિકા ગાઈ લઈએ : શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન...**

**વડીલોને પૂછીને જાણો. (ઘરકામ)**

1. પિતાએ રામને વનવાસ કેમ મોકલ્યા હતા?
2. રામલક્ષ્મણની સાથે હરણની કઈ વાત જોડાયેલી છે?
3. હનુમાને રામલક્ષ્મણની શી મદદ કરેલી?
4. ચિત્રકૂટ નામના સ્થળ સાથે રામલક્ષ્મણની કઈ વાત જોડાયેલી છે?

**રામ, લક્ષ્મણ અને સીતાને વનમાં શૂર્પણખા મળી ત્યારે શું થયેલું? વાંચો.**

## અનન્ય અનુજ

રામ અને સીતા વનમાં ઝાડ નીચે બેઠાં હતાં. લક્ષ્મણ થોડેક દૂર શસ્ત્રવિદ્યાનો મહાવરો કરતા હતા. સીતાએ કહ્યું, ‘‘રાઘવ, લક્ષ્મણને બોલાવી લો. એ પણ થોડોક વિશ્રામ કરી લે.’’

‘‘જાનકી, અનુજ લક્ષ્મણ થાકતો જ નથી. એને વિશ્રામની જરૂર જ પડતી નથી.’’

‘‘તમે બંને ભાઈઓ કોણ જાણે કેવી માટીના બનેલા છો?’’ સીતાએ હસીને કહ્યું. રામે કહ્યું, ‘‘માટી તો અયોધ્યાની જ હતી. પરંતુ અમને વિશિષ્ટ રીતે કેળવવામાં આવ્યા છે.’’

‘‘એ કેવી રીતે?’’ સીતાએ સહજ કૌતુકથી



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પૂછ્યું. રામે પોતાના બાળપણની વાત માંડી, ‘‘અમે નાના હતા ત્યારે જ પિતાશ્રી દશરથ અને કુલગુરુ વશિષ્ઠજી પાસેથી ઘણી અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા શીખ્યા. એ વિદ્યાઓ શીખતાં શીખતાં અમે સખત પરિશ્રમ કરતાં પણ શીખી ગયા.’’

‘‘હા, બાળપણથી પરાક્રમી હતા એટલે જ તો ગુરુ વિશ્વામિત્ર રાક્ષસોથી બચવા તમને બંનેને પોતાને ત્યાં લઈ ગયા હશેને?’’ સીતાએ પૂછ્યું.

‘‘ના, રાક્ષસોથી બચવા નહોતા લઈ ગયા. અમને વધુ કેળવવા લઈ ગયા હતા.’’

‘‘એમ? મને તો જાણવા મળેલું કે તાડકા નામની રાક્ષસીને મારવા તમને લઈ ગયેલા.’’

‘‘એ પણ ગુરુદેવ વિશ્વામિત્રની કૃપા જ હતી, જાનકી.’’ રામે પોતાની વાત આગળ ચલાવતાં કહ્યું, ‘‘વિશ્વામિત્ર સ્વયં બધા રાક્ષસોને મારી શકે એમ હતા, પરંતુ એ સત્કાર્ય એ અમારા હાથે કરાવવા ઈચ્છતા હતા.’’

‘‘એક વાત ન સમજાઈ રાઘવ, તમે બંને ભાઈ ચક્રવર્તી રાજા દશરથના પુત્ર હતા. તોપણ વિશ્વામિત્રના આશ્રમે પગપાળા કેમ ગયા હતા?’’

‘‘એ પણ અમારી કેળવણીનો જ ભાગ હતો! તમને ખબર છે જ ને જાનકી કે આશ્રમે પહોંચ્યા એ પહેલાં રસ્તામાં જ મેં તાડકાવધ કરેલો.’’

‘‘તાડકા માયાવી રાક્ષસી હતી, નહિ?’’

‘‘હા, એ વારેઘડીએ અદશ્ય થઈ શકતી, પરંતુ હું પણ પિતાશ્રી પાસેથી શબ્દવેધી બાણ ચલાવતાં શીખેલો. એ વિદ્યા તાડકાને મારવામાં કામ લાગી.’’

‘‘તમને આટલું બધું આવડતું હતું તો પછી વિશ્વામિત્રના આશ્રમે બીજું શું શીખવા ગયેલા?’’ સીતાએ હસતાં હસતાં પૂછ્યું.

‘‘ગમે તેટલું આવડતું હોય તોપણ શીખવાનું પૂરું ન થાય જાનકી!’’ રામે આગળ વાત ચલાવી.

‘‘વનવાસમાં કેવી રીતે જીવવું એ અમે વિશ્વામિત્રના આશ્રમે શીખ્યા. અયોધ્યાથી રથમાં બેસીને આશ્રમે ગયા હોય તો વનનાં લોકો, પશુપંખીઓ અને ઝાડવાં વિશે શીખ્યા ન હોત. આશ્રમમાં અમારું બધું જ કામ જાતે કરતાં શીખ્યા એટલે અત્યારે વનવાસ દરમિયાન પણ કશી તકલીફ નથી પડતી.’’

‘‘તકલીફ તો વીરા લક્ષ્મણને પડે! તમારાં મોટા ભાગનાં કામ તો એ કરે છે!’’ સીતાજીએ હસીને ટોણો માર્યો. રામે સ્મિત કરીને સીતાના વિનોદને આવકાર્યો.

આવી મજાની વાતો ચાલતી હતી ત્યાં એક સ્વરૂપવાન યુવતી આવી અને વાતો અટકી. ‘‘હે માનવ! મારે તારી સાથે લગ્ન કરવાં છે.’’ યુવતીએ રામને કહ્યું. રામ અને સીતાને નવાઈ લાગી કે કોઈ અજાણી સ્ત્રી આવી માગણી કેવી રીતે કરે? રામે શાંતિથી પૂછ્યું, ‘‘હે યુવતી! આપનો પરિચય આપશો?’’

‘‘હું શૂર્પણખા. આ વન ઉપર મારો અધિકાર છે. મેં તારા જેવો સ્વરૂપવાન યુવક આ પહેલાં જોયો નથી. માટે તારા રૂપથી મોહીને મારે તારી સાથે લગ્ન કરવાં છે.’’

‘‘પરંતુ હે દેવી! હું તો પરણેલો છું. આ સુંદર અને સુશીલ જાનકી મારી પત્ની છે.’’



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

‘‘એ ભલે હોય, મને તો તારા જેવો સ્વરૂપવાન અને બલિષ્ઠ પતિ જોઈએ એટલે જોઈએ જ.’’ શૂર્પણખાની જીદથી રામને આશ્ચર્ય થતું હતું. રામને થયું કે આ બલા ક્યાં વળગી પાછી! એમણે વિનોદ કરવા ખાતર લક્ષ્મણ તરફ આંગળી કરીને શૂર્પણખાને કહ્યું, ‘‘જો એમ જ વાત હોય તો પેલા તલવારધારી યુવાનનું રૂપ પણ સરસ છે, એ એકલો છે. એની સાથે લગ્નની વાત કર.’’ શૂર્પણખા પહોંચી લક્ષ્મણ પાસે. એનું નિરીક્ષણ કરીને કહ્યું, ‘‘હે યુવાન! મારી સાથે લગ્ન કરી લે.’’

‘‘પણ મારે નથી કરવાં.’’ લક્ષ્મણનો ટૂંકો જવાબ.

‘‘અહીં માત્ર મારી મરજી ચાલે છે, હું કહું એટલે તારે મારી સાથે લગ્ન કરવાં જ પડે.’’ શૂર્પણખાએ નારાજગી સાથે અને અધિકારથી કહ્યું.

‘‘પરંતુ હું તો શ્રીરામનો સેવક છું.’’

‘‘રામ કોણ છે?’’

‘‘તમે હમણાં મળીને આવ્યાં એ મારા સ્વામી પ્રભુ શ્રીરામ છે.’’

‘‘ભલે, એમણે જ મને તારી પાસે મોકલી છે.’’ લક્ષ્મણને મોટાભાઈની મજાક સમજાઈ. લક્ષ્મણે પણ યુક્તિથી કહ્યું, ‘‘હે દેવી! હું તો નોકર છું. જો નોકર સાથે લગ્ન કરશો તો નોકરાણી થશો. સ્વામી સાથે લગ્ન કરશો તો રાણી થશો.’’

‘‘હું શૂર્પણખા છું. લંકાધિપતિ રાવણની બહેન શૂર્પણખા! નોકરાણી તો હરગિજ ન બનું, મહારાણી જ બનીશ.’’ એ ઝડપથી રામ પાસે પાછી આવી અને લક્ષ્મણે કહેલી વાત રામને કહી. રામ હસીને કહે, ‘‘એ નોકર નથી, મારો નાનો ભાઈ છે. એની સાથે લગ્ન કરો તોપણ રાણીની જેમ જ રહી શકશો.’’

‘‘ના, મારે તમારા સેવક સાથે લગ્ન નથી કરવાં. તમારી સાથે લગ્ન કરવાં છે.’’ શૂર્પણખાએ મક્કમતાથી કહ્યું. રામે એને સમજાવતાં કહ્યું, ‘‘હે દેવી! હું એકપત્નીવ્રતધારી છું તેથી તમારી સાથે લગ્ન ન કરી શકું.’’ શૂર્પણખા હવે રઘવાઈ બનીને ખિજાઈ ગઈ હતી એણે વિચાર્યું કે આ યુવકની પત્નીને મારી નાખું તો પછી એ મારી સાથે લગ્ન કરશે. આમ વિચારી એણે સીતા ઉપર હુમલો કરવાનું નક્કી કર્યું. હવે શૂપર્ણખા રૂપ બદલવા માંડી. મોટા મોટા દાંત, બિહામણી આંખો અને સૂપડા જેવા નખ. સુંદર યુવતીમાંથી એ વિકરાળ રાક્ષસી બની ગઈ! ભયંકર અવાજો કરતી તે સીતા તરફ ધસી. સાવધ લક્ષ્મણે ત્વરાથી કૂદીને તલવાર વીંઝી તેનું નાક કાપી નાખ્યું.



‘‘અરે, અરે, લક્ષ્મણ! ધૈર્ય ધરો.’’ સીતાએ લક્ષ્મણને સમજાવતાં કહ્યું.

‘‘માતે, તમારા પર હુમલો કરનારને હું જીવિત જ ન રહેવા દઉં. આ તો સ્ત્રી હતી એટલે ઓછી સજા કરી.’’

‘‘લક્ષ્મણની વાત સાચી છે, જાનકી. શરમ વગરના મનુષ્યને આપણે નાક વગરના કહીએ છીએ ને? શૂર્પણખા જે રીતે બેશરમ થઈને પરિણીત પુરુષ

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સાથે લગ્ન કરવા ઈચ્છતી હતી, એ ખરેખર નાક વગર હોય તે જ યોગ્ય કહેવાય.''

''આટઆટલું સમજાવવા છતાં પણ સમજતી નથી, કોઈનું સાંભળતી પણ નથી. એના તો કાન પણ કાપી લેવા જોઈએ.'' લક્ષ્મણે આક્રોશ સાથે કહ્યું. શૂર્પણખા કપાયેલા નાક પર હાથ રાખીને ભયંકર ચીસો પાડતી ભાગી. ''હું તમને ત્રણેને જોઈ લઈશ.'' એમ કર્કશ અવાજમાં બરાડા પાડતી પાડતી અદૃશ્ય થઈ ગઈ. રામે એ દિશામાં જોઈને કહ્યું, ''આ રાક્ષસી અત્યારે તો અપમાનિત થઈને ભાગી છે પરંતુ રાવણ અને અન્ય અસુરો એનું વેર લેવા જરૂર વળતો હુમલો કરશે. આપણે સજ્જ રહેવું જોઈએ.''

- **વાતચીત :**
  - આ વાર્તામાં તમને સૌથી વધુ મજા ક્યારે આવી? શા માટે?
  - તમે કોઈ રાક્ષસ કે રાક્ષસીને ફિલ્મ, સિરિયલ કે ફોટામાં જોયાં છે? એ કેવાં દેખાતાં હતાં ?
  - રાક્ષસો પાસે કેવી કેવી શક્તિઓ હોય છે?
  - આપણી શાળામાં રાક્ષસ આવે તો શું શું નુકસાન કરી શકે?
  - તમારામાં રામ અને લક્ષ્મણ જેવી શક્તિઓ હોય તો તમે રાક્ષસનો સામનો કેવી રીતે કરો?
  - રાક્ષસો મોટે ભાગે જંગલમાં કેમ રહેતા હશે?
  - તમને કોઈ રાક્ષસનાં નામ આવડે છે? કહો.
  - રામાયણ સિરિયલ તમે જોઈ છે? રામાયણના કોઈ બીજા પ્રસંગ તમને યાદ છે? તેના વિશે વાત કરો.

**નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે વાર્તાના આધારે જણાવો.**

1. રામ અને લક્ષ્મણ વશિષ્ઠ ઋષિના આશ્રમમાં ભણવા ગયા હતા.
2. રામનાં મોટા ભાગનાં કામ લક્ષ્મણ કરતા હતા.
3. જંગલમાં કેવી રીતે રહેવું તે રામને પિતા દશરથ પાસેથી શીખવા મળ્યું હતું.
4. વિશ્વામિત્ર રાક્ષસોથી ડરતા હતા તેથી રામલક્ષ્મણને પોતાની સાથે લઈ ગયા હતા.
5. લક્ષ્મણે હા પાડી હોત તો શૂર્પણખા લક્ષ્મણ સાથે લગ્ન કરી લેત.
6. શૂર્પણખા એક વિનયી રાક્ષસી હતી.
7. લક્ષ્મણે બાણ મારીને શૂર્પણખાનું નાક કાપી લીધું.
8. વિશ્વામિત્રના આશ્રમે ગયા એ પહેલાં પણ રામને ધનુષ્યવિદ્યા આવડતી હતી.
9. રામને ખબર પડી ગઈ હતી કે રાવણ પોતાની બહેનના અપમાનનો બદલો લેવા આવશે.
10. શૂર્પણખા માનતી હતી કે એ જંગલ પર તેનો પોતાનો જ હક છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**નાક પકડીને પાંચ ઊઠબેસ કરો. નીચેની ઘટનાઓ કયા ક્રમમાં થઈ હતી તે વિચારો અને ત્યારબાદ એકથી આઠ ક્રમ આપો. (જૂથકાર્ય)**

☐ શૂર્પણખાએ સીતા પર હુમલો કર્યો.

☐ રામ, લક્ષ્મણ અને સીતા વનમાં ગયાં.

☐ રામનાં લગ્ન થયાં.

☐ રામ અને લક્ષ્મણ પિતાજી પાસે શસ્ત્રવિદ્યા શીખ્યા.

☐ શૂર્પણખા સુંદર સ્ત્રીમાંથી ભયંકર રાક્ષસી બની ગઈ.

☐ રાવણ પોતાની બહેનનું વેર લેવા આવ્યો.

☐ લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપ્યું.

☐ તાડકાને મારી.

**નીચેના શબ્દો/શબ્દસમૂહો જેમને લાગુ પડતા હોય તે ખાનામાં મૂકો.**

મોટાભાઈ, આરામ જ નહીં, રાક્ષસી, અનુજ, મહાવરો, વિકરાળ, મોટા નખ, શાંત, ક્રોધ, શબ્દવેધી બાણ, તલવાર, ચીસો પાડે, બેશરમ, એકપત્નીવ્રતધારી, રાઘવ, તાડકાવધ, સુંદર સ્ત્રી, રામના દાસ

| રામ | લક્ષ્મણ | શૂર્પણખા |
|---|---|---|
| મોટાભાઈ, | આરામ જ નહીં, | રાક્ષસી, |

**સંવાદ વાંચો, શબ્દનો અર્થ લખો અને મૂળ શબ્દ પરથી તમારું નવું વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** વિશ્વામિત્ર : સારા બાણાવળી બનવું હોય તો નિયમિત તેનો મહાવરો કરતા રહેવું પડે.

લક્ષ્મણ : જી ગુરુદેવ! તમે કહ્યું એમ હું દરરોજ એક કલાક ધનુષ્યવિદ્યાનો અભ્યાસ કરું છું.

મહાવરો : <u>અભ્યાસ</u>

તમારું વાક્ય : <u>રામલક્ષ્મણ દરરોજ સૂર્યનમસ્કારનો મહાવરો કરતા હતા.</u>

2. રામ : ભાઈ લક્ષ્મણ! ઘડીક બેસ અને થોડોક વિશ્રામ કર.

લક્ષ્મણ : મોટાભાઈ, મને આરામની જરૂર જ નથી પડતી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વિશ્રામ : ______

તમારું વાક્ય : ______

3. દશરથ : વત્સ, થોડોક વધુ પરિશ્રમ કરીશ તો શબ્દવેધી બાણ ચલાવતાં આવડી જશે.

લક્ષ્મણ : જી પિતાજી! હું પણ મોટાભાઈની જેમ મહેનત કરીને શબ્દવેધી બાણવિદ્યા શીખી જઈશ.

પરિશ્રમ : ______

તમારું વાક્ય : ______

4. વિશ્વામિત્ર : વત્સ રામલક્ષ્મણ! તમે બંને જણાએ તાડકા અને અન્ય રાક્ષસોનો સામનો કર્યો એ જોઈને મને લાગે છે કે તમે બંને બહુ પરાક્રમી છો.

રામ : પ્રણામ ગુરુદેવ! આપના જેવા ગુરુના શિષ્યો છીએ તેથી અમે બહાદુર છીએ.

પરાક્રમી : ______

તમારું વાક્ય : ______

5. દિગ્વિજય : કદાચ જંગલમાં કોઈ વિકરાળ પ્રાણી આપણને મારી નાખવા આવે તો?

શાંતા : તમારે કોઈ પ્રાણીથી ડરવાની જરૂર નથી. તમામ ભયંકર પ્રાણીઓથી તમે સલામત રહો - એ અમોઘની જવાબદારી છે.

વિકરાળ : ______

તમારું વાક્ય : ______

6. શૂર્પણખા : તમારી બહેનનું નાક કપાયું છે તો પણ તમે ધીરજ રાખીને બેઠા છો?

રાવણ : વેર લેવામાં ધૈર્ય રાખવું જોઈએ. ઉતાવળ ન કરાય.

ધીરજ : ______

તમારું વાક્ય : ______

**બંને બાજુથી એક-એક શબ્દ લઈ વાક્ય બનાવો. ત્યાર બાદ તમારા મિત્ર સાથે સરખાવો કે કેટલા શબ્દો સરખા જોડ્યા અને કેટલા જુદા?**

| | |
|---|---|
| ભાતભાતનાં, ભય, પરાક્રમી, રક્ષક, જવાબદારી | વિકરાળ, પરિશ્રમ, વૃક્ષ, અનુજ, સ્વયંકાર્ય |

**ઉદાહરણ :** <u>વિકરાળ</u> પ્રાણીઓથી લોકોનું રક્ષણ કરવું એ રાજાની <u>જવાબદારી</u> છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## આ વાક્યો કોણ બોલી શકે એ વાર્તાને આધારે લખો.

1. ભાઈ લક્ષ્મણ, અહીં આવીને મોટાભાઈ પાસે બેસોને!
2. તમે બેસો, હું એ બાણની અણી ઘસી દઈશ.
3. માતા સીતાનું અપમાન હું કદાપિ સહન નહિ કરું.
4. આ જંગલમાં તો હું કહું તે જ કાયદો ચાલે.
5. મારી બહેનનું અપમાન કરનારને હું છોડીશ નહીં.

- **ગીતિકા ગાઈ લઈએ : શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન...**

## ઉદાહરણ મુજબ વાક્યો બનાવો. (ઘરકામ)

**ઉદાહરણ :** રમ અન સત ઝડ નચ બઠ હત. **વાક્ય :** રામ અને સીતા ઝાડ નીચે બેઠાં હતાં.

1. રમન વત સભળન સતન અનદ થય.
2. નક વગરન બહનન જઈન રવણન ગસ્સ અવ્ય.
3. લક્ષ્મણ ધરદર તલવર વડ રક્ષસન નક કપ દધ.
4. રક્ષસન રમ અથવ લક્ષ્મણ સથ પરણવ હત.
5. પતજ દશરથ અન ગર વશષ્ઠ પસથ રમ શસ્ત્રવદ્ય શખ્ય હત.

## એક ઢીંચણ પર બેસીને બાણ ચલાવવાનો અભિનય કરો. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. ઋષિ વિશ્વામિત્રના આશ્રમમાં રામને શું શીખવા મળ્યું?
2. લક્ષ્મણે શૂર્પણખાનું નાક શા માટે કાપી નાખ્યું?
3. શૂર્પણખા સીતાને કેમ મારી નાખવા માગતી હતી?
4. રામે શા માટે એવું કહ્યું કે રાક્ષસો હુમલો કરશે?
5. લક્ષ્મણે શૂર્પણખા સાથે લગ્ન ન કરવા કયું કારણ આપ્યું?

## જોડકાં જોડો.

| અ | બ |
|---|---|
| ગુરુ વશિષ્ઠ અને પિતા દશરથ પાસેથી રામ લક્ષ્મણને | અસ્ત્રશસ્ત્ર અને જીવન જીવવાની કેળવણી લીધી. |
| લક્ષ્મણ હંમેશાં રામની સાથે રહેતા અને | આનંદથી સમય પસાર કરતાં હતાં. |
| વિશ્વામિત્રના આશ્રમમાં રહીને બંને ભાઈઓએ | લક્ષ્મણને ખૂબ ક્રોધ આવ્યો. |
| શૂર્પણખાએ સીતા પર કરેલા આક્રમણથી | શસ્ત્રવિદ્યા શીખવા મળી હતી. |
| રામ, સીતા અને લક્ષ્મણ વનવાસ દરમિયાન | શસ્ત્રવિદ્યાનો સતત મહાવરો કરતા હતા. |
| વનવાસ દરમિયાન પણ રામલક્ષ્મણ | રામની સેવા કરતા. |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### કલ્પના કરીને જવાબ આપો. (જૂથકાર્ય)

1. રામ વિશ્વામિત્રના આશ્રમમાં ન ગયા હોત તો...
2. શૂર્પણખાએ જંગલમાં એકલા લક્ષ્મણને જ જોયા હોત તો...
3. લક્ષ્મણે શૂર્પણખાના નાકને બદલે જીભ કાપી હોત તો...
4. તાડકા અને શૂર્પણખા એકસાથે આવ્યાં હોત તો...
5. શૂર્પણખા રાવણની બહેન ન હોત તો...

### બે ફકરા ભેગા થઈ ગયા છે. તેમનાં વાક્યોનાં કેટલાંક શબ્દજૂથ પણ આડાંઅવળાં છે. તમે આ કામ અગાઉ કર્યું છે. હવે તેને ઝડપથી કરવું હોય તો કઈ કઈ રીતે થઈ શકે? વર્ગમાં ચર્ચા કરો. તે પછી જોડીમાં બેસીને શબ્દ ગોઠવી વાક્ય બનાવો અને ફકરા છૂટા પાડો. (જોડીકાર્ય)

તરલિકાના ઘરમાં/બટાકા સમાર્યા./તડકો આવી ગયો./ચમચાથી/મીનાક્ષીએ/તે એટલો બધો હતો/એક તાવડીમાં/તેલ મૂક્યું./કે સાવરણીથી/તેણે બે ચમચી/કઢાય તેમ નહોતો./તેને કાઢવા/તેમણે/એટલે તેમાં/રાઈ, હિંગ અને લીમડાથી/લાયબંબાવાળાને બોલાવ્યો./તેલ ગરમ થયું/લાયબંબાવાળા તો/તાવડીને ઢાંકી દીધી./તડકો જોતાં જ ભાગી છૂટ્યા./પછી તેમાં/વઘાર અને બટાકા હલાવી દીધા./છેલ્લે તરલિકાની મમ્મીએ/બટાકા ઉમેર્યા./બારી પર પડદો લગાવી દીધો./તેમાં થોડું પાણી ઉમેરી/એમ કરતાં તડકો જતો રહ્યો./વઘાર કર્યો.

| | |
|---|---|
| | |

### વાક્યમાંથી નકામા શબ્દો દૂર કરો.

**ઉદાહરણ :** નીરવ પહેલાં નીમાના ઘરે ગયો. ~~અને~~ પછી નરેશના ઘરે ગયો. ~~અને પછી~~ ત્યાંથી ત્રણેય રમવા ગયાં.

1. મમ્મીએ તપેલી લીધી. અને પછી તેમાં પાણી લીધું. અને તે પછી તેમાં ચા, ખાંડ અને આદુ ઉમેર્યાં.
2. પહેલાં બંને હાથ ઉપર કરો. હવે પછી પગનાં આંગળાં પર ઊંચા થાઓ. અને પછી માથા ઉપર બંને હાથ ભેગા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. ચાલો બધા પોતપોતાની ચોપડી ખોલીશું. ત્યાર પછી પાન નંબર 111 ખોલીશું. અને હવે તે પાન પરનો ફકરો હવે વાંચીશું.

4. એક કાગળ કાઢો. બરાબર? હવે તેને બરાબર વચ્ચેથી વાળો. બરાબર? હવે આપણે તેના બે ટુકડા કરવાના છે. બરાબર?

5. માયા મામાના ઘરે ગઈ. અને પછી ત્યાં અઠવાડિયું રહી. અને પછી ત્યાં ખૂબ તોફાનમસ્તી અને મજા કરી અને અઠવાડિયું રહ્યા પછી પાછી આવી.

6. અમારે તો શાળામાં જવું હતું પણ પરંતુ કોરોના હતો એટલે ન ગયા.

7. રમવું હતું તોય છતાં પણ મમ્મીએ રમવા ન દીધાં.

8. તેથી આપણે દરરોજ કસરત કરવી જોઈએ જેથી આપણે તંદુરસ્ત રહીએ.

9. એ આઉટ થઈ ગયો એવો કે તેના લીધે તે પેવેલિયનમાં બેસી ગયો.

**ઉદાહરણ વાંચો અને તે રીતે કોઈ એક વાર્તા ટૂંકમાં લખો. બીજા જૂથના મિત્રોની વાર્તા સાંભળો. ચર્ચા કરો કે તમને કયા જૂથની વાર્તા ગમી? કેમ? (જૂથકાર્ય)**

**ઉદાહરણ :** ધનવાન કુટુંબ - એકની એક દીકરી - ઉછેરવાની જુનવાણી રીત-નિયમ પ્રમાણે નહાવું, ધોવું, જમવું, ઊંઘવું-રમવાની છૂટ નહીં - છોકરીને કંટાળો આવવો - એક દિવસ ઘરેથી નાસી જવું - ત્રણ છોકરીઓ મળવી - ખૂબ ધમાલમસ્તી કરવી - છોકરીને મજા આવવી - આનંદથી રહેવાનું શીખી જવું.

**વાર્તા :**

એક ધનવાન કુટુંબ હતું. તેમને ત્યાં એકની એક દીકરી હતી. તેનું નામ ફિયોના. ફિયોનાની સંભાળ માટે તેમણે આયા રાખી હતી. આયા ફિયોનાને જુનવાણી રીતે ઉછેરતી હતી. સવાર સાંજ સાત વાગ્યે નાહવાનું, બપોરે બેથી ચાર ઊંઘી જવાનું, ત્રણ ટાઈમ દૂધ પીવાનું અને સમયસર જમી લેવાનું. ફિયોના સાથે રમનાર કોઈ નહોતું. વળી, ઘરનાં અને આયા તેને બગીચામાં કે માટીમાં છૂટથી રમવા દેતાં નહીં. ફિયોના ખૂબ કંટાળી જતી. એક દિવસ બપોરે બધાં ઝોકે ચઢેલાં. ત્યારે ફિયોના ઘરેથી ભાગીને બહાર આવી ગઈ. તેના ઘરથી થોડે દૂર તેને ત્રણ છોકરીઓ મળી. ફિયોના તે છોકરીઓ સાથે તેમના ઘરે ગઈ. તે છોકરીઓ જોડે સંતાકૂકડી, દોડપકડ, ચોરપોલીસ- એવું બધું પહેલીવાર રમી. તેનાં કપડાં ગંદાં થઈ ગયાં. તેનું ફરાક સહેજ ફાટી ગયું. પણ તેને ખૂબ મજા આવી. તે દિવસ પછી ફિયોના દરરોજ તેની બહેનપણીઓ સાથે રમવા જવા લાગી અને આનંદથી રહેવા લાગી.

1. તોફાની છોકરાઓ - જીવજંતુ, પક્ષીઓને હેરાન કરે - માળામાં કાબરનાં બચ્ચાં જોવાં - બાજને બચ્ચાં ખાવા ઊડતો જોવો - બાજને ભગાડી મૂકવો - બચ્ચાં અને માળો બચાવી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લેવો - મોટા થઈને પક્ષીઓનો નિષ્ણાત/જાણકાર બનવું

2. કૂકડી - ઊંચે ઊડવાની ઇચ્છા - કોઈ શિખવાડનાર નહીં - કૂકડાની નકલ કરવી - રોજ મહેનત કરવી - બિલાડી પાછળ પડવી - જીવ બચાવવા વંડી જેટલું ઊંચે ઊડવું - ઊંચે ઊડતાં આવડી જવું.
3. પૂનમની રાત - વાંદરાં ઝાડ પર સૂતાં હોય - બાજુમાં તળાવ - તળાવમાં ચાંદાનું પ્રતિબિંબ - વાંદરાંનાં બચ્ચાંને ચાંદો પકડવાની ઇચ્છા - એકબીજાની પૂંછડી પકડી ઝાડ પરથી લટકવું - ડાળી પકડેલા બચ્ચાનો હાથ છટકી જવો - બચ્ચાં તળાવમાં - ધબાધબ અવાજ - મોટાં વાંદરાં જાગી જવાં - બચ્ચાં બચાવવાં.
4. એક છોકરો - જાતજાતનાં અચરજ - ચંદ્ર, તારા, વાદળ, સૂરજ વગેરે વિશે કૌતુક - ચંદ્રને વધતો ઘટતો જોયાની નવાઈ - ધારવું કે તે બધાં શું કરતાં હશે - 'આ બધાં ડુંગર પરથી આવતાં લાગે' - ડુંગર પર જાણકાર લોકો રહેતા હશે' - રસિક લોકો - અચરજ ઉકેલવા - સમજવાનો વિચાર - ઘર છોડી ડુંગર તરફ - ડુંગર નજીકથી જુદો - ડુંગર પર જુદી જુદી વનસ્પતિ, પ્રાણીઓનાં પગલાં - ચઢતી વખતના વિચાર - ડુંગર ચઢવાની તકલીફ - થાક - આખરે ડુંગર પર ચઢવું - ડુંગર પર પોતાના ગામ જેવું જ જીવન જોવું - નિરાશ થવું - અચરજ ઊડી જવું.

- **એકવાર ગીતિકા થઈ જાય : શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન...**

**વાંચો અને મિત્રો, શિક્ષકો અને ઘરનાં મોટેરાં સાથે આ વિશે વાતો કરો.**

### આપણી વાત

તને ખબર છે; સ્કૂલવાળા જે ભણાવે છે તે બધું આપણે યાદ રાખવાનું હોય છે અને તે પણ આ મોટેરાં ઇચ્છે તેટલી ઝડપથી. આજે તને ગણિતના દાખલા આવડ્યા નહીં. મને ખબર હતી કે આ મોટેરાંઓ આપણને શિખવાડવા બેસે છે ને સાથે સાથે એવી અપેક્ષા પણ રાખે છે કે તેમની જેમ આપણે પણ ફટાફટ યાદ રાખી લઈએ કે શીખી જઈએ. એ વાત જુદી છે કે પોતે આપણા જેવડાં હતાં ત્યારે કેટલું યાદ રાખી શકતાં હતાં! તેમ છતાં આપણે તો બાજુવાળા વિધિ, પાર્થ, નંદન કરતાં વધારે માર્ક્સ લાવવાના હોય છે. ક્યારેક મૂડ આવે ત્યારે પપ્પા પણ આપણને શીખવવા બેસી જાય છે, બાકી તો તે ભલા ને તેમનું કામ ભલું!

થોડા દિવસ પહેલાં મમ્મીએ મને મારેલી અને તે એટલા માટે કે મને યાદ રહેતું નહોતું. આ મોટેરાંઓને આપણે એ નથી સમજાવી શકતાં કે આપણે જે વસ્તુઓ જોઈએ છીએ અને અનુભવીએ છીએ તે આપણને જલદી યાદ રહી જાય છે. જોને આપણે છુકછુક ગાડીમાં ગયાં હતાં તે બધું મને યાદ છે. પણ સ્કૂલવાળા એવું તો પૂછવાના નથીને!

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મમ્મી આપણને ભણાવવાનું અને સમજાવવાનું શરૂ કરે છે ત્યારે ઊંડે ઊંડે મને તો ડર લાગે છે કે ક્યારેક તો માર ખાવાનો વારો આવશે જ! તે આપણને શીખવે અને આપણે સમજી ન શકીએ તો પછી બીજી પદ્ધતિથી કેમ શીખવતી નથી? જુઓને, અમારા સરલા ટીચર જે ભણાવે છે તે મને યાદ રહી જાય છેને! પણ મમ્મી તો ધીરજ હોય ત્યાં સુધી ભણાવશે અને છેવટે તેની ધીરજ ખૂટી જાય એટલે આપણું તો આવી જ બન્યું!

## હસો.

સોનુ : રાવણને તો કેવું સુખ! સોનાની લંકા હોય, બહુ બધા નોકર હોય અને...

મોનુ : અલ્યા, રાવણનાં દુઃખની તને ખબર નથી! એ ઊંઘે ત્યારે પડખું ફેરવી જ ન શકે. અને તું જ કહે એણે રોજ સવારે દસ દાતણ કરવાં પડે! અને હા, રાવણને માથું દુખે તો?

સોનુ : ... તો દસ માથાં દબાવવાં પડે!

- **લગભગ સરખા :**

**શર**-એક જાતનું ઘાસ, બાણ; **મહાવરો**-અભ્યાસ; **સહજ**-કુદરતી, સ્વાભાવિક; **અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા**-હથિયાર વાપરવાની કળા; **પરાક્રમી**-બહાદુર; **સદ્કાર્ય**-સારું કાર્ય; **માયાવી**-પ્રપંચથી ભરેલું, કપટી; **અદૃશ્ય**-દેખાય નહિ એવું; **શબ્દવેધી**-માત્ર શબ્દ કે અવાજને આધારે નિશાન વીંધનારું; **વિનોદ**-મશ્કરી, મજાક; **સ્વરૂપવાન**-સુંદર, દેખાવડું; **અધિકાર**-સત્તા, હકૂમત, હક; **રૂપ**-સૌંદર્ય; **મોહીને**-મોહ પામીને; **શાલીન**-વિનીત, નમ્ર, ખાનદાન/લજ્જાળુ; **બલિષ્ઠ**-સૌથી બળવાન; **બલા**-મુસીબત; **નિરીક્ષણ**-અવલોકન, બારીકીથી જોવું તે; **નારાજગી**-નાખુશી; **સેવક**-સેવા કરનારો, ચાકર, નોકર; **સ્વામી**-માલિક; **વ્રતધારી**-વ્રત લેનારું; **રઘવાઈ**-રઘવાટ કરનારી; **રહસ્યમય**-ઊંડા ભેદવાળું; **ત્વરાથી**- ઉતાવળે, ઝડપથી; **ધૈર્ય**-ધીરજ; **આક્રોશ**-ગુસ્સો વ્યક્ત કરવો તે; **કર્કશ**-કઠોર, આકરું; **અસુર**-રાક્ષસ; **સજ્જ**-તૈયાર; **સડેડાટ**-સડસડાટ, વિઘ્ન વગર; **ભાતભાતનાં**-વિવિધ જાતનાં; **જાતરા**-જાત્રા, તીર્થોની મુસાફરીએ જવું તે; **ચિત્રકૂટ**-પ્રયાગ નજીક આવેલો એક પર્વત (**પ્રયાગ**-ગંગા, યમુના અને સરસ્વતીના ત્રિવેણીસંગમનું તીર્થસ્થાન અને નગર - હાલનું પ્રયાગરાજ)

- **શબ્દભંડાર :**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## તને સાંભરે રે...

- આ એકમ ભણતી વખતે રામાયણની બીજી કઈ વાતો થઈ હતી?
- જૂના સમયમાં બોલાતા હોય તેવા જે શબ્દો આ એકમમાં આવ્યા તે મોટેથી બોલો.
- તમારા લખાણને સુધારતી વખતે તમે કયા શબ્દ પર સૌથી પહેલાં ધ્યાન આપશો? ભૂલવાળા કે ભૂલ વગરના?
- વાંચન સુધારવા, લેખન સુધારવાનાં કયાં કયાં પગલાં આપણે આખા પાઠ્યપુસ્તકમાં શીખ્યાં? વિસ્તારથી કહો.
- ખાનામાં નિરાંતે વિગતો ભરો. ગમતી-ન ગમતી પ્રવૃત્તિનો ક્રમાંક લખો.

| એકમ | ગમેલી પ્રવૃત્તિઓ | ઓછી/ન ગમેલી પ્રવૃત્તિઓ | શું ઉમેરવા/સુધારવા જેવું લાગે છે? |
|---|---|---|---|
| 5 | | | |
| 6 | | | |
| 7 | | | |
| 8 | | | |
| 9 | | | |

- આ એકમની કવિતા/વાર્તા તમને જેટલી ગમી હોય તે મુજબ શીર્ષક પાસે સ્ટાર દોરો.


- **આ કવિતા ગાઓ. તેના કયા શબ્દ એવા છે જે તમને ગુજરાતીના કોઈ શબ્દ જેવા લાગે છે?**

ચાંદોબા ચાંદોબા ભાગલાસ કા?
નિંબોણિચ્યા ઝાડામાગે લપલાસ કા?
નિંબોણિચે ઝાડ કરવંદી
મામાચા વાડા ચિરેબંદી!
આઈ બાબાંવર રુસલાસ કા?
અસાચ એકટા બસલાસ કા?
આતા તરી પરતુની જાશિલ કા?
દૂધ અન શેવયા ખાશિલ કા?

આઈ બિચારી રડત અસેલ
બાબાંચા પારા ચઢત અસેલ!
અસાચ બસૂન રાહશિલ કા?
બાબાંચી બોલણી ખાશિલ કા?
ચાંદોબા ચાંદોબા કુઠે રે ગેલાસ?
દિસતા દિસતા ગડપ ઝાલાસ!
હાકેલા ઓ માઝ્યા દેશિલ કા?
પુન્હા કધી આમ્હાલા દિસશિલ કા?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



'જટાયુ' ચિત્રકાર : પ્રતાપસિંહ જાડેજા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in